**૭૩મા સ્વાતંત્ર્ય દિન રાષ્ટ્રીય પર્વે નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા રાજ્યપાલશ્રી**
**તા. ૧૪/૮/૨૦૧૯, રાજભવન, ગાંધીનગર.**

૭૩મા સ્વાતંત્ર્ય દિનનારાષ્ટ્રીય પર્વ પર ગુજરાતના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે રાજયના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે આપણા મહાન વીર નાયકોએ દેશની આઝાદી કાજે પોતાના મહામૂલા પ્રાણોની આહુતિ આપી હતી. તેમણે શહિદોને ભાવભરી અંજલિ અર્પિત કરતાં જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય પર્વ આપણને મહાન સ્વાતંત્ર્ય વીરોના અસીમ રાષ્ટ્રપ્રેમ, અપ્રતિમ શૌર્ય અને બલિદાનોની ગાથાઓનું સ્મરણ કરાવે છે, એટલું જ નહી મહામૂલી આઝાદીના જતન–સંવર્ધન પ્રત્યે વધુ ને વધુ પ્રતિબદ્ધ બનવાની પ્રેરણા પૂરી પાડે છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આજનો આ પાવન અવસર આત્મખોજ કરવાનો છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગે ચાલી લોકોમાં ચેતનાનો સંચાર કર્યો અને સમગ્ર રાષ્ટ્રને અંગ્રેજોના ચુંગાલમાંથી મુકિત કર્યો હતો. આપણે ગાંધીજીના માર્ગે વિશ્વ શાંતિના સ્થાપનાના આપણા લક્ષ્યને સિદ્ધ કરવા પુરૂષાર્થ કરવો પડશે.

તેમણે મહાત્મા ગાંધી, લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજય રવિશંકર મહારાજ જેવા અનેક મહાન વિભૂતિઓ અને મહાનાયકોના જીવન પથ પર દેશની મહામૂલી આઝાદીનું રક્ષણ અને સંવર્ધન કરવા સંકલ્પબદ્ધ કરવા અનુરોધ કર્યો હતો.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "નયા ભારત"ના સ્વપ્નને સાકાર કરવા ઉપરાંત ગુજરાત રાજયની યશસ્વી વિકાસ યાત્રામાં રાજયના સૌ નાગરિકો પોતાનું મૂલ્યવાન યોગદાન આપશે, તેવી કામના પણ વ્યકત કરી હતી.